# Talking with your baby

**Learning to talk is one of the most important and complex skills your child will accomplish. It seems to happen naturally, but in fact you have a very important role to play. The more you talk to your baby, the more you enable her to become a good talker and a confident, happy child.**

- Talk about what you're doing throughout the day – when you're bathing or feeding your baby or changing her nappy.
- Talk about the things you see on the way to the shops, or at the supermarket. Try to talk about the things your child shows an interest in.
- Talk in the language that you know best - it doesn't have to be English.
- Look at your baby as you talk and give him time to respond to your chatter.
- Answer your baby's noises and babbles.
- Cuddle up together and read a favourite book or talk about the pictures.
- Have fun with nursery rhymes or any song, especially those with actions.
- Listen carefully and give your toddler time to finish talking.
- If your toddler says something incorrectly, say it back the right way, e.g. "Goggy bited it." "Yes, the dog bit it, didn't he."
- Try to watch TV together so you can talk about what happens.



© Posy Simmonds

# તમારા બાળકની સાથે વાત ચીત કરવી

**વાત કરતાં શીખવું એ તમારા બાળક માટે સૌથી અગત્યનું અને જટિલ પ્રકારનું શિક્ષણ છે. તે આમ તો કુદરતી છે તેવું દેખાતું હોય છે પણ હકીકતે તમારે તેમાં ખૂબ અગત્યનો ફાળો આપવાનો હોય છે. તમે તેની સાથે જેટલી વધુ વાતો કરશો એટલું જ વધુ તે સારી રીતે વાતો કરતું થશે અને તેનામાં આત્મવિશ્વાસ અને આનંદ છલકશે.**

- તમે તેને નવડાવતાં અથવા તેને ખવડાવતાં હો અથવા તેની નેપી બદલતાં હો ત્યારે તમે આખાં દિવસમાં શું કર્યું તેની વાત તેને કરો.
- તમે રસ્તા પરની દુકાનોમાં અથવા સુપર માર્કેટમાં શું જોયું તે વિશે તેને વાત કરો. તમારા બાળકને રસ હોય તેવી વસ્તુઓ વિશે તેની સાથે વાત કરવાનો પ્રયત્ન કરો.
- તમે જે ભાષા સારી રીતે જાણતાં હો તે ભાષામાં જ તેની સાથે વાત કરો - તે ભાષા ઈંગ્લિશ હોવી જરૂરી નથી.
- તમે વાત કરતાં હો ત્યારે તેની સામે જોતાં રહો અને તમારી વાત ચીતનો તે પ્રતિભાવ આપે તે માટે થોડી થોડીવારે અટકતાં રહો.
- તમારા બાળકની કાલી ભાષા (અવાજો), અને તોતડી ભાષાનો જવાબ પણ આપો.
- એકબીજાને ભેટીને તેને લાડ લડાવો, ગમતું પુસ્તક વાંચો અથવા ચિત્રો વિશે વાત કરો.
- કોઈપણ નર્સરી રાઈમ અથવા ગીતો ગાઈને આનંદ માણો ખાસ કરીને તેની સાથે અભિનય જેવું પણ કરો.
- તમારું ટોડલર (એકથી દોઢ વર્ષનું બાળક) પોતાની વાત પૂરી કરે ત્યાં સુધી તેને ધ્યાનથી સાંભળો અને રાહ જુઓ.
- જો તમારું ટોડલર કોઈ ખોટો શબ્દ બોલે તો તે માટેનો સાચો શબ્દ બોલીને તેની ભૂલ સુધારો જેમ કે ''ગોગી એ બટકું ભર્યું'' તો તમે કહો ''હાં કૂતરાંએ બટકું ભર્યું, બરોબર ને?''
- સાથે મળીને ટીવી જોવાનો પ્રયત્ન કરો કે જેથી તેમાં બનતાં બનાવો વિશે તમે તેની સાથે વાત કરી શકો.

National Literacy Trust

Talk To Your Baby